## હિંમતનગરમાં પાસની કિસાન રેલીમાં કોંગ્રેસ અને ઠાકોર સેના જોડાઈ

# ૨૦૦ કિલો બટાકા રોડ પર નાખી વિરોધ કર્યો

### રેલી યોજી જિલ્લા કલેક્ટરને આપ્યુ ખેડૂતોના દેવા માફી કરવાનુ આવેદનપત્ર : અલ્પેશ ઠાકોર પણ જોડાયા

હિંમતનગર, તા. ૩
પાટીદાર અનામત આંદોલન સમિતિ, ઠાકોર સેના અને કોંગ્રેસ આમ ત્રણેયે સાથે મળીને સોમવારે સાબરકાંઠાના હિંમતનગરમાં કિસાન રેલી યોજીને કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતુ. તો વળી આવેદનપત્ર આપ્યા બાદ ઈડર સ્ટેટ હાઈવે પર ન્યાયમંદિર નજીક બસ્સો કિલોથી વધુ બટાકા રોડ પર ફેંકીને ચક્કાજામ કરતા વાહનોની કતારો જામી હતી.

સાબરકાંઠાના હિંમતનગરમાં સોમવારે પાસ અને ઠાકોર સેના સાથે મળતા સાથે જ કોંગ્રેસને પણ સાથે જોડીને કિસાસેના દ્વારા કિસાનરેલી યોજીને હવે સરકાર સામે મજબુત મોરચાનુ આંદોલન શરૂ કરવાની સ્થિતિ સર્જી છે. હિંમતનગરમાં પાટીદારો અને ઠાકોર સેના ઉપરાંત કોંગ્રેસના સ્થાનિક આગેવાનો પણ કિસાન રેલીમાં જોડાઈને દેવા નાબુદી સહીત ખેડૂતોની વિવિધ સમસ્યાના મુદ્દે રેલી યોજી હતી. જેમાં પાસના આગેવાનો અને ઠાકોર સેના આગેવાન અલ્પેશ ઠાકોર પણ રેલીમાં જોડાયા હતા અને સરકાર સામે મોરચો માંડતો વિરોધ રજુ કર્યો હતો. તો વળી જો આ માંગો નહી પુરી કરાય તો આગામી પાંચમી અને છઠ્ઠીએ દૂધ ઉત્પાદકો દ્વારા દૂધને ડેરીમાં ભરવાથી દૂર રાખીને વિરોધ કરવાની અલ્પેશ ઠાકોરની જાહેરાતને અનુસરવાની પણ હાંકલ રેલીમાં સંયુક્ત રીતે જાહેરાત કરાઈ હતી. તો અલ્પેશ ઠાકોર અત્યાર લગી રાજકીય પક્ષો અને આગેવાનોને તેમની નબળાઈઓને લઈને અવાજ ઉઠાવતા રહ્યા હતા પણ આજે તેમણે પણ સુર બદલ્યો હતો અને કોંગ્રસની હાજરીને લઈને સામાજીક એકતા સાથેની લડાઈ અને ખેડૂતોની લડાઈને લઈ બીનરાજકીય ગણાવી હતી. આ અંગે ઓબીસી એકતા મંચ અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે જણાવેલ કે આગામી પાંચમી અને છઠ્ઠીએ દૂધ બંધી જાહેર કરાઈ છે. જો માંગો નહી સ્વીકારાય તો દૂધ બંધી અસરકારક રીતે લાગુ કરીને વિરોધ કરાશે. રાજકીય બાબતો ભુલીને એક થઈને વિરોધ દર્શાવ્યો છે અને બીનરાજકીય રીતે આંદોલન છે જેમાં એકતા દર્શાવીને બધા એક થયા છીએ. હિંમતનગરના ટાવર ચોકથી રેલી યોજીને બહુમાળી ભવન પહોંચી આવેદનપત્ર જિલ્લા કલેકટરને આપ્યા બાદ રેલીના વિસર્જન બાદ જ અચાનક જ આશ્ચર્યજનક રીતે ન્યાયમંદિર નજીક જ ઈડર સ્ટેટ હાઈવે પર બસ્સો કીલોથી વધુ બટાકા રસ્તા પર પેંકી દઈને વિરોધ કરી સ્ટેટ હાઈવેને ચક્કાજામ કરી દેતા વાહનોની કતારો જામી ગઈ હતી અને પોલીસ પણ અચાનકના કાર્યક્રમથી ચોંકી ઉઠીને રસ્તો ખુલ્લો કરવા માટે દોડાદોડી કરતી થઈ ગઈ હતી. પરંતુ અડધા કલાકે પોલીસ ટ્રાફીકને હળવો કરી શકી હતી.

આમ વિરોધને આક્રમકતા સાથે દર્શાવતા પોલીસ અને તંત્ર દંગ રહી ગયુ હતુ. આગામી પાંચમી અને છઠ્ઠી તારીખે પણ દૂધ બંધી એ દૂધ મંડળીઓનો ઘેરાવ કરીને દૂધને ડેરીઓ સુધી પહોંચવા નહી દેવાનો ટેકો પણ અલ્પેશ ઠાકોરની જાહેરાતને પાસ દ્વારા જાહેર કરાયો છે અને પાટીદારો પણ આ દૂધબંધીના આંદોલનમાં જોડાશે. આ અંગે પાસના કન્વીનર વરૂણ પટેલે જણાવ્યુ હતુ કે અમે દૂધ બંધ રાખવા માટે ડેરીઓનો જ ઘેરાવ કરીશુ અને દૂધનવે ભરવા નહી દઈને દૂધબંધી કરીશુ અને એ કાર્યક્રમ સફળ બનાવીશુ. અત્યાર સુધી પાસ અને ઓબીસી એકતા મંચ અને ઠાકોર સેના તેમજ કોંગ્રસ પોત પોતાની અલગ અલગ નેજા હેઠળ સરકારને ભીંસમાં લેવાના કાર્યક્રમો યોજતા હતા પણ હવે જેમ જેમ ૨૦૧૭નુ મીશન નજીક આવતુ જાય છે તેમ બદલાતા ચિત્રો મુજબ જ ત્રણેય સંગઠનોએ એક જ પ્લેટફોર્મ પર આવવા લાગ્યા છે અને એક થઈને હવે સરકારને ભીંસમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા છે પણ હવે તે પ્રયાસો પણ કેટલા અંશે કારગત નિવડે છે એ સમય દર્શાવશે.










### પ્રાંતિજમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

પ્રાંતિજ સહિતનાં વિસ્તારોમાં મેઘરાજાએ પહેલા ધીમીધારે પધરામણી કરી હતી બાદમાં એકદમ ધમાકેદાર એન્ટ્રી કરતાં ધડકણ, તાજપુર, મોયદ, સોનાસન સહિતના વિસ્તારો મેઘ મહેર થઈ હતી અને ખેડૂતો, વેપારીઓ સહિત શહેરીજનોમા આનંદ છવાયો હતો અને વાતાવરણમાં કુદરતી એસી ફેલાતાં સોવ કોઈ વરસાદને લઈને ખુશી જોવા મળી હતી. જયારે રોડ રસ્તાઓ ઉપર પાણી પાણી થઈ ગયું હતું અને એક કલાકમાં દોડ ઈચ વરસાદ ખાબક્યો હતો.

## કાંકરેજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા પૂરમાં પહોંચી વળવાની પૂર્વ તૈયારીઓ

બનાસકાંઠા જિલ્લાના કેટલાક તાલુકામાં ભારેથી અતિભારે વરસાદ થતા તારાજી સર્જી ખેડૂતની ખેતી અને પશુઓને મોટા પ્રમાણમાં નુકશાન થવા પામ્યુ છે. ત્યારે કાંકરેજ તાલુકામાં ઓછો વરસાદ થયો છતાં ખેડૂતોને મગફળીના પાકને વ્યાપક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. આ વખતે ઉંબરીમાં મગફળીનુ વધુ વાવેતર હોવાથી ખેડૂતો પાયમાલ થઈ જવા પામ્યા છે. એક બાજુ ડિઝાસ્ટર મેનેજમેન્ટના એન.આર. મકવાણા જે પોતે જવાબદારી સંભાળી રહ્યા છે તે ફક્ત કાગળ ઉપર છે. વાસ્તવમાં પાણીમાં તરવાની ટ્યુબો-૧૦, રસ્સી-૨ અને હવાવાળા જેકેટ ૧૦ આ છે કાંકરેજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પાસે પુર વખતે પહોંચી વળવાના સાધનો બાકી કેટલાક જેસીબી, તરવૈયા એ તો બધા કાગળ ઉપર જ છે અને ૨૪ કલાક હાજર રહેવાનો કલેકટર બનાસકાંઠા દ્વારા હૂકમ કરવામાં આવેલ છે પરંતુ રાત્રે આવી કોઈ ઘટના પુરની બને તો જવાબદાર કોણ ? વરસાદને તેડા ન હોય એમ મોતને તેડા ન હોય ગત વર્ષે લોકોના જીવ ગુમાવ્યા પછી એનડીઆરએફની ટીમ બોલાવવામાં આવી હતી. આવી છે આ કાંકરેજ ડિઝાસ્ટર મેનેજમેન્ટની પૂર્વ તૈયારીઓ તો જિલ્લાતંત્ર દ્વારા કાંકરેજ મામલતદાર ઓફિસમાં હાજર રહેતા કર્મચારીઓની રોજ ખાતરી કરવામાં આવે તો કેવી લોલમલોલ અને પોલમપોલ ચાલે છે તે જોવા મળે તેવુ લોકમુખે ચર્ચાએ જોર પકડ્યું છે.



### અરવલ્લી જિલ્લામાં વરસાદ યથાવત

અરવલ્લી જિલ્લામાં મેઘરાજા ચારેકોર વરસી રહ્યા છે. છેલ્લા બે દિવસથી ધીમીધારે વરસી રહેલો વરસાદ આંકડાકીય રીતે સોમવારની બપોર સુધીમાં સરેરાશ રીતે બે ઈંચ નોંધાયો છે ત્યારે ઉત્તરગુજરાતના અનેક વિસ્તારોમાં શ્રીકાર વરસાદથી ઉભી થયેલી સ્થિતિના પગલે અરવલ્લી જિલ્લાનું ડિઝાસ્ટર તંત્ર એલર્ટ બની ગયું છે. અરવલ્લી જિલ્લાના તાલુકા મથકો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ બરાબર જામ્યો છે. સતત અને ધીમી ધારે વરસી રહેલા વરસાદના કારણે લોકોને ફરજીયાત પણે ઘર અને દુકાનોમાં બેસી રહેવું પડી રહ્યું છે. ખેતી માટે સર્વોત્તમ રીતે મેઘરાજાના આગમને ખેડૂતોના ચહેરા પર ખુશી લાવી દીધી છે. ત્યારે પાંચ દિવસ વરસાદનુ જોર રહેવાની હવામાન ખાતાએ કરેલી આગાહીથી વરસાદના કારણે કોઈ પણ સંજોગો ઉભા થાય તો તેને પહોચી વળવા વહીવટીતંત્ર પણ જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલની સીધી દેખરેખ હેઠળ સજ્જ બન્યું છે.

# અરવલ્લી જિલ્લામાં જીએસટીની જોગવાઈ મુદ્દે ૬ ગંજબજારમાં હડતાલ

### ટીંટાઈ સબયાર્ડ પણ બંધ : હડતાલથી અજાણ માર્કેટયાર્ડોમાં માલ લઈ પહોંચેલા ખેડૂતોની હાલત કફોડી

અરવલ્લી, તા. ૩
જીએસટીની જોગવાઈઓના વિરૂદ્ધમાં અરવલ્લી જિલ્લાના મોડાસા માર્કેટયાર્ડ સહિત જિલ્લાના ૬ માર્કેટયાર્ડના વેપારી મંડળ દ્વારા જીએસટીના વિરોધમાં બે દિવસની હડતાલ જાહેર કરતા સોમવારે જિલ્લાના ૬ ગંજબજાર સજ્જડ બંધ રહેવા પામ્યા હતા. હડતાલથી અજાણ જિલ્લાભરના ખેડૂતો વરસતા વરસાદમાં પાક વેચવા આવતા હડતાલના પગલે ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. માર્કેટયાર્ડ બંધ રહેતા કરોડો રૂપિયાનુ ટ્રાન્ઝેકશન ખોરવાઈ જતા માલની લેતીદેતી ઠપ્પ થઈ જવા પામી હતી.

૧ જુલાઈથી જીએસટી લાગુ કરવામાં આવતા અરવલ્લી જિલ્લાના મોડાસા, બાયડ, ધનસુરા, ભીલોડા, મેઘરજ, માલપુર માર્કેટયાર્ડ અને ટીંટોઈ સબયાર્ડના વેપારી મંડળે જીએસટીની જોગવાઈઓના વિરૂદ્ધમાં તમામ માર્કેટયાર્ડો બંધ રાખી હડતાલ પાડવાનુ નક્કી થતા સોમવારે અને મંગળવારે જિલ્લાના તમામ માર્કેટયાર્ડો સજ્જડ બંધ રહેશે. સોમવારે મોડાસા માર્કેટયાર્ડમાં હરાજી બંધ રખાતા હડતાળથી અજાણ જિલ્લાના ખેડૂતો તેમનો પાક ખાનગી વાહનો દ્વારા આવી પહોંચ્યા હતા અને હડતાળની જાણ થતા ખેડૂતોના ચહેરા પર નિરાશા વ્યાપી ગઈ હતી. ખેડૂતોએ ન છૂટકે પોતાનો માલ પરત લઈ જવાની ફરજ પડતા માલના આવન-જાવનનો વાહનોના ખર્ચે બોજ માથે પડતા ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

માર્કેટયાર્ડના વેપારીઓના જણાવ્યા અનુસાર જીએસટીના નવા કાયદાને અડચણભરી પદ્ધતિને લઈ ગંજબજાર સજ્જડ બંધ રાખેલ છે. એપીએમસીમાં આવતા ખેડૂતના માલો કાચા માલમાં આવતા હોવાથી ટેક્સ ન હોવા જોઈએ. હવે ઓનલાઈન બીલની પદ્ધતિ જેમ કે માલ વેચાણ થતા તરત ખરીદનાર વેપારીને તરત જ ઓનલાઈન હવે બિલ આપવાની જોગવાઈઓ બિલકુલ ખોટી છે. વેચાનાર કે ખરીદનાર ટેક્સ ન ભરે તો દંડનાત્મક જોગવાઈ બીલકુલ ખોટી હોવાનુ એકીસૂરે જણાવ્યું હતું.





## બોલુન્દ્રા ગામના ૨૧ વર્ષીય યુવાનને શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણો જણાતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો

### જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા બોલુન્દ્રા ગામે સર્વેલન્સની કામગીરી

અરવલ્લી, તા. ૩
અરવલ્લી જિલ્લાના બોલુન્દ્રા ગામના ૨૧ વર્ષીય પટેલ યુવાનનો શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણો જણાતા પરિવારજનો દ્વારા યુવાનને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. શંકાસ્પદ ડેન્ગ્યુનો કેસ મળી આવતા તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા ટીમ બનાવી ગામમાં દવાનો છંટકાવની કામગીરી હાથ ધરી સર્વે કરવામાં આવ્યો હતો.

મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામના અને કોલેજમાં અભ્યાસ કરતા ૨૧ વર્ષીય યુવાને તાવ આવતો હોવાથી પ્રાથમીક સારવાર લીધા બાદ પણ તાવ ન ઉતરતા અને સતત માથુ દુખતા યુવાનના પરિવારજનોએ તાબડતોબ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડતા તબીબે યુવાનના શરીર પર શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણો જણાતા ડેન્ગ્યુનો રીપોર્ટ કરાવતા એન.એસ.-૧ પોઝીટીવ આવતા અને પ્લેટલેટ કાઉન્ટ ૧૦૫૦૦૦ લોહી પરીક્ષણમાં જણાતા તબીબ દ્વારા શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણોના આધારે સઘન તબીબી સારવાર હાથ ધરી હતી. સતત ત્રણ દિવસ સઘન સારવાર આપ્યા બાદ યુવાનની હાલતમાં સુધારો જણાયો હતો. હાલ આ યુવાન મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ છે. શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણો યુવાનમાં જણાતા આ અંગે આરોગ્યતંત્રને જાણ થતા તાબડતોબ બોલુન્દ્રા ગામે આરોગ્ય કર્મીઓની ટીમ દ્વારા યુવાનના રહેઠાણ સહિત ફળીયામાં અને ગામમાં દવાઓના છંટકાવની કામગીરી હાથ ધરી હતી અને ફળીયામાં સર્વેની કામગીરી હાથ ધરી હતી.

### તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. યજ્ઞેશ નાયક કહે છે કે...

બોલુન્દ્રા ગામના ૨૧ વર્ષીય યુવાનને ડેન્ગ્યુના શંકાસ્પદ બીમારીમાં પટકાયો હોવાની જાણ થતા બોલુન્દ્રા ગામે આરોગ્ય વિભાગની ટીમ મોકલી આપી યુવાનના રહેઠાણ સહિત ફળીયામાં અને ગામમાં દવાઓનો છંટકાવ કરી ડેન્ગ્યુની ઉત્પતી સ્થાન ગણાતા સ્થાયી પાણીનો નાશ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તદ્ ઉપરાંત યુવાનના પરિવારજનો સહિત ફળીયાના અન્ય કોઈ વ્યક્તિને તાવ, હાથપગ દુખાવાની ફરિયાદ હોય તો તેનુ સર્વે કર્યા બાદ યોગ્ય સારવાર આપવામાં આવશે.

## સાબરકાંઠા જિલ્લામાં જુલાઈ માસમાં ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ

હિંમતનગર, તા. ૩
ભારતના ચુંટણી પંચ ધ્વારા ૧ થી ૩૦ જુલાઈ દરમિયાન મતદાર યાદીની વિગતોની ચકાસણી કરવાનો વિશેષ કાર્યક્રમ હાથ ધર્યો છે. જેમાં બી.એલ.ઓ ધ્વારા ઘરની મુલાકાત દરમિયાન પિતા/પતિના નામ, અટક,સબંધ, જન્મ તારીખ, ફોટો ઘર નંબરમાં ક્ષતિ હોય તો જરૂરી આધારા પુરવા આપી સુધારા વધારા કરી શકાશે જયારે ઘરના ૧૮ વર્ષના ઉપરના વ્યક્તિની માહિતી પુરી પાડવી, ઘરમાં આવેલ નવી પુત્રવધુનુ નામ ઉમેરવું, સ્થળાંતર કરેલ હોય અથવા ઘરમાં મૃત્યુ પામ્યા હોય તો નામ કમી કરાવવા સહિત ડુપ્લીકેટ મતદાર કાર્ડ મેળવવા માટે તા. ૯-૧૬ અને ૨૩ જુલાઈ એમ ત્રણ રવિવાર દરમિયાન સબંધિત મતવિસ્તારના મતમથકોએ જરૂરી ફોર્મ્સ અને આધાર-પુરાવા રજૂ કરવાથી ૧૦થી ૬ કલાક દરમિયાન મતદાર યાદીમાં સુધારા વધારા કરી શકાશે એમ જિલ્લા ચુંટણી અધિકારી પી. સ્વરૂપે કલેકટર કચેરી ખાતે યોજાયેલ પત્રકાર પરીષદ દરમિયાન જણાવ્યું હતું.

## મહેસાણા જિલ્લાના ઉમેદવારો માટે ૧ ૩મીએ લશ્કરી ભરતીમેળો યોજાશે

મહેસાણા, તા. ૩
આર્મી રીક્રુટમેન્ટ કચેરી અમદાવાદ દ્વારા શાસ્ત્રીમેદાન વલ્લભ વિધાનગર આણંદ ખાતે મહેસાણા જિલ્લાના ઉમેદવારો માટે લશ્કરી ભરતી મેળાનું આયોજન કરાયું છે. ભરતી મેળામાં ઉમેદવારો www.joinindianarmy.nic.in વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. તમામ ઉમેદવારો પોતાનું એડમિટ કાર્ડ રજિસ્ટર્ડ, ઈ-મેઈલ એડ્રસ મારફતે ડાઉનલોડ કરી ભરતી મેળાના સ્થળે આવવાનુ રહેશે. ઉમેદવારોએ અસલ પ્રમાણપત્રો સાથે ભરતીના સ્થળે હાજર આવવાનું રહેશે. ઉમેદવારે આ સાથે એડમીટ કાર્ડ, અસલ ગુણપત્રકો, પ્રમાણપત્રો, જન્મ પ્રમાણપત્ર, બોનોફાઈડ પ્રમાણપત્ર, ચારિત્ર્ય પ્રમાણપત્ર, ડોમીસાઈલ પ્રમાણપત્ર, રહેઠાણનો દાખલો, જાતિનો દાખલો, એન.સી.સી પ્રમાણપત્રો, ફોટો ઓળખપત્ર, ૨૦ કલર પાસપોર્ટ સાઈઝના ફોટા સહિતના પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે. આ અંગેની વધુ વિગતો રોજગાર કચેરી અથવા વેબસાઈટ પરથી મળી રહેશે.